## કાર્યકરોની ક્ષમતા વર્ધક ટ્રેનિંગો તથા અલગ અલગ કાર્યક્રમોમાં ભાગ લીધો

- દસ્તાવેજીકરણની ટ્રેનીંગમાં સંસ્થાના કાર્યકરોએ સંસ્થા તરફથી ભાગ લીધો.
- ટેકનોલોજીનો સર્વે કરવા માટે થતા ઉપયોગની ટ્રેનીંગ,
- એડોલેસન્સ TOT ટ્રેનીંગ, (ફોટો) →
- કાર્યક્ષમ એન. જી. ઓ. મેનેજમેન્ટ ટ્રેનિંગ,
- ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ટ્રેનિંગ,

➢ મેગા હેલ્થ શો ગાંધી સ્મૃતિ હોલ,
➢ સપોર્ટ ફોરમ મીટીંગ ગ્રામ સેવા ટ્રસ્ટ,
➢ નવસારી જિલ્લા હેલ્થ ગર્વ.કમિટીની મીટીંગ,
➢ સ્વૈચ્છિક સંસ્થાઓ માટેનો મોટીવેશન પરિષદ,
➢ લવ એન્ડ કેર પ્રોગ્રામ ઓછા દરની નોટબુક વેચાણ,
➢ એડોલેસન્સ પ્રોજેક્ટ માટે DDO શ્રી સુમેર સાહેબ સાથે,
➢ ગુજરાત રામકૃષ્ણ વિવેકાનંદ ભાવ પ્રચાર પરિષદ અધિવેશન,
➢ રાષ્ટ્રિય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો.





નવસારીમાં કાર્યક્ષમ એન. જી. ઓ. મેનેજમેન્ટ ટ્રેનિંગ

**Statistical data from April 2017 to March 2018**

| Sr. no | Program | Camp | Participants | Total |
|---|---|---|---|---|
| | | | Girls - 22997 | |
| 1 | Adolescent Health Campaign | 183 + 80 | Boys - 12707 | 35360 |
| 2 | Health education for Children | 109 | In Various schools | 16812 |
| | | | Eye patient - 1785 | |
| 3 | Healthy Medical Camp | 11 | General patient - 1835 | 3620 |
| 4 | Dental Treatment Camp | 32 | In Various Villages | 842 |
| 5 | Educational Tour | 2 | Girls of Different schools | 104 |
| | | | Total No. | 56738 |

**Statistical data from April 2018 to February 2019**

| Sr. no | Program | Camp | Participants | Total Beneficial |
|---|---|---|---|---|
| | | | Girls - 31317 | |
| 1 | Adolescent Health Campaign | 240 | Boys - 10482 | 41799 |
| 2 | Health education for Children | 194 | In Various schools | 24565 |
| 3 | Eye Camp | 12 | Eye patient | 2218 |
| 4 | Dental Treatment Camp | 9 | In Various Villages | 196 |
| 5 | Health Meeting | 2 | Woman of Different Village | 69 |
| | | | Total No. | 68550 |

# રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટનો ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૮ નો અહેવાલ

શિવજ્ઞાને જીવસેવા

RST

## રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ

### પ્રવૃતિઓની ઝલક

- તરુણ સ્વાસ્થ્ય અભિયાન.
- દાંત આંખ તથા અન્ય સારવાર કેમ્પ.
- સગર્ભા અને ધાત્રી માતા તથા કુપોષિત બાળકોની સંભાળ તેમજ એનિમિયાની સારવાર.
- યુવા સશક્તિકરણ કાર્યક્રમ.
- સરકારી પ્રાથમિક શાળાઓમાં પૂરક શિક્ષણ.

## રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ

કણબીવાડ - સીતાપુર,
તા. વાંસદા-૩૯૬ ૫૮૦, જી. નવસારી.(ગુજરાત)
મો.નં. 94277 06848, 98251 21967
E-mail : rst.vansda@gmail.com
nikunj.desai321@gmail.com
રજી. નંબર : ઈ / 1787 / નવસારી

રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ એક સ્વૈચ્છિક સંસ્થા છે. જે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, તાપી તેમજ મહારાષ્ટ્રનાં નાસિક જીલ્લાના ભૌગોલિક રીતે ડુંગરાળ, આર્થિક, શૈક્ષણિક રીતે પાછળ અને આરોગ્યની સેવાઓની જરૂરિયાતવાળા ગામોમાં નબળા તથા ગરીબ પરિવારના લોકોના સર્વાંગી વિકાસ કરવાના ધ્યેય સાથે કામ કરી રહી છે. આરોગ્યના કાર્યો વલસાડ રક્તદાન કેન્દ્ર ના સહયોગથી કરવામાં આવે છે.

# તરૂણ સ્વાસ્થ્ય અભિયાન

કિશોર- કિશોરીઓને શિબિર દરમિયાન પ્રદર્શન, વિડીયો, રમત-ગમત તથા વાતચીત દ્વારા તરૂણ સ્વાસ્થ્ય શિક્ષણ આપવામાં આવે છે. દરેક કિશોરીઓને ફલાલીન કાપડ, માસિક દરમિયાન સ્વચ્છતાની પત્રિકા તથા કિશોરાવસ્થાની મુંઝવણોની પુસ્તિકા ધરાવતી કીટ આપવામાં આવે છે. યુવાનો માટે વ્યસન મુક્તિ તથા વ્યવસાયલક્ષી શિક્ષણ અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે. આ કામમાં ટેકનીકલ સહયોગ સેવા રૂરલ સંસ્થા (ઝગડિયા, જી.ભરૂચ) આપે છે. એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ દરમિયાન થયેલ શિબિરની વિગતો નીચે મુજબ છે.

| | શાળાઓમાં શિબિરોની સંખ્યા | લાભાર્થી કિશોરોની સંખ્યા | લાભાર્થી કિશોરીની સંખ્યા |
|---|---|---|---|
| 2017-18 | 183 શાળાઓમાં | 12707 | 22653 |
| 2018-19 (Feb. સુધીમાં) | 240 શાળાઓમાં | 10482 | 31317 |

- ઘણી શાળાઓમાં ભાઈઓ અને બહેનોની અલગ શિબિર કરવામાં આવે છે.



કિશોરીઓ ફલાલીન કાપડની કીટ  સાથે



ડૉ. અમીબેન અને રીનાબેન પ્રજનનતંત્ર વિષે સમજાવી રહ્યા છે.



કિશોરીઓ 'કિશોરાવસ્થાની મુંઝવણો' ની પુસ્તિકા સાથે



કિશોરીઓ કિશોરાવસ્થાને લગતા પોસ્ટરો વાંચી રહ્યા છે.

# ગાંધી મેળાઓ, કોમ્પ્યુટર કલાસીસ અને ધાબળા વિતરણ

આ બંને ગાંધી મેળામાં વેડછી અને નવસારીમાં <u>સ્વામી વિવેકાનંદજીનું સાહિત્ય, પ્રદર્શન અને વેચાણ</u> માટે સ્ટોલો રાખ્યા હતા. તેમાં વેચાણનું કાર્ય સંસ્થાના કાર્યકરોએ કર્યું  હતું. અલગ-અલગ સંસ્થાઓમાંથી આવેલા પ્રતિનિધિઓનો પરિચય અને મુલાકાત થઈ હતી. અલગ-અલગ સંસ્થાઓની પ્રવૃતિઓથી માહિતગાર થયા હતા તેમજ રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટની પ્રવૃતિઓથી બીજી સંસ્થાઓને માહિતગાર કર્યા હતા.

વેકેશન દરમ્યાન ૯ થી ૧૨ ધોરણના ૪૮ જેટલા ભાઈ-બહેનોને સ્વામી વિવેકાનંદ કોમ્પ્યુટર ક્લાસમાં કોમ્પ્યુટરની બેઝીક તાલીમ આપવામાં આવે છે.

શિયાળામાં ૧૯૦ થી વધુ ધાબળાઓ તથા અન્ય કપડાઓનું છેવાડાના ગરીબ પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું.



શિયાળામાં ૧૯૦ થી વધુ ગરમ ધાબળાનું વિતરણ



ગાંધી મેળો નવસારીના સામાજિક કાર્યકરો



મિનેશભાઈ ફ્રી કોમ્પ્યુટર કલાસીસ ચલાવી રહ્યા છે.



વિશિષ્ટ ડિસ્કાઉન્ટ સાથે પ્રદર્શન અને વેચાણ

## બાળકો માટે આરોગ્યલક્ષી શિક્ષણ અન્ય સેવાકીય પ્રવૃતિઓ

૧ થી ૮ ધોરણની પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે આરોગ્યલક્ષી સ્વચ્છતા રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં “મીનાની ત્રણ વાતો” ની વિડીયો બતાવવામાં આવે છે. ડાંગ જીલ્લાના વઘઈ તાલુકામાં ૧૮ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે જુદા જુદા પ્રયત્નો થઇ રહ્યા છે. આ ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર ની રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટ, સીતાપુર દ્વારા અંતરિયાળ ગામોની શાળાઓમાં પાંચ લાખથી વધુ રકમની સારી ગુણવત્તાવાળી ઓછા દરની નોટબુકનું વિતરણ થયું છે.

| | શાળાઓમાં શિબિરની સંખ્યા | શિબિરમાં બાળકોની સંખ્યા |
|---|---|---|
| 2017-18 | 108 | 16812 |
| 2018-19 (Feb. સુધીમાં) | 194 | 24565 |



કેવડી પ્રા.શાળાના બાળકો “મીનાની ત્રણ ઈચ્છા” વિડીયો જોઈ રહ્યા છે.



આંબાપાણી પ્રા.શાળાના બાળકોને માધરીબેન સ્વચ્છતા વિશે સમજાવી છે.



ખાંભલા પ્રા.શાળાના બાળકો વિડીયો જોઇ રહ્યા છે.



નિરપણ પ્રા.શાળાના બાળકો પ્રતિજ્ઞા લઈ રહ્યા છે.

## આંખ અને જનરલ કેમ્પો

આંખના અને જનરલ કેમ્પોમાં બીજી સંસ્થાઓને મદદ કરી રહ્યા છીએ. આંખના કેમ્પો શુભમ્ નેત્રસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આંખના દર્દીઓને ઓપરેશન માટે તેજસ હોસ્પિટલ, માંડવી લઈ જવામાં આવે છે. જનરલ કેમ્પો રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર સાથે કરવામાં આવે છે અને આ સાથે પ્રોજેક્ટ વિસ્તારની સગર્ભા અને ધાત્રી બહેનોને એનિમિયાની સારવાર તેમજ આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે. સિકલસેલ એનિમીયા, કુટુંબ નિયોજન, વ્યસન મુક્તિ જેવા અગત્યના મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવી રહ્યા છીએ. એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ દરમિયાન નીચે મુજબના કેમ્પો થયા છે.

| | કેમ્પની સંખ્યા | કેમ્પના લાભાર્થીઓ |
|---|---|---|
| 2017-18 | 11 | 3620 |
| 2018-19 (Feb. સુધીમાં) | 12 | 2218 |



રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. રોહનભાઈ આંખની તપાસ કરી રહ્યા છે.



રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટની ઓફિસ પર આંખના ઓપરેશન પછી તપાસ માટે આવેલા દર્દીઓ



જનરલ કેમ્પમાં રાજચંદ્ર હોસ્પિટલમાંથી ડૉ. કુસુમબેન બહેનોની તપાસ કરી રહ્યા છે.




જનરલ કેમ્પમાં આવેલા દર્દીઓ રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

## યુવા સશક્તિકરણ, વ્યસનમુક્તિ અને વ્યવસાયલક્ષી શિક્ષણ અંગે માર્ગદર્શન

સ્વામી વિવેકાનંદ જન્મજયંતી (યુવા દિવસ) તા. ૧૨/૦૧/૨૦૧૮ ના દિવસે પ્રતાપ હાઇસ્કુલ, વાંસદા ખાતે રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટે વાંસદાની અન્ય સામાજિક સંસ્થાઓ સાથે મળીને જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદના જીવન સંદેશ અંગેનું પ્રદર્શન, વકૃત્વ સ્પર્ધા, વિડીયો શો તેમજ વ્યસન મુક્તિ અંગેનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો જેમાં ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વકૃત્વ સ્પર્ધામાં ભાગ લેનારા દરેક વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

દરેક શાળાઓમાં તરુણ સ્વાસ્થ્યની વાતચીત સાથે સ્વામી વિવેકાનંદ અને વ્યસનમુક્તિ અંગેની વિડીયો બતાવવામાં આવે છે અને વ્યવસાયલક્ષી શિક્ષણ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે.



સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી ના દિવસેની રેલી



સ્વામી વિવેકાનંદ વિશેના પોસ્ટરો જોઈ રહ્યા છે.



સ્વામી વિવેકાનંદ જીવન સંદેશ અને વ્યસનમુક્તિ અંગેની વીડિઓ જોઈ રહ્યા છે.



રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટની વકૃત્વ સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ

## દાંત સારવાર કેમ્પ

અઠવાડિયામાં એકવાર દાંતના કેમ્પ માટે આર્ચ સંસ્થા, ધરમપુરથી ડો.દિનેશભાઈ (દાંતના નિષ્ણાત USA) તથા અન્ય દાંતના ડોક્ટર દાંતની તમામ પ્રકારની આધુનિક સારવાર માટેના સાધનોથી સજ્જ એ.સી. બસમાં આવે છે. એપ્રિલ ૨૦૧૭ થી ૧૮ માર્ચ ૨૦૧૮ દરમિયાન નીચે મુજબના દાંત સારવાર કેમ્પો થયા છે.

| | દાંતના કેમ્પની સંખ્યા | કેમ્પના લાભાર્થીઓ |
|---|---|---|
| 2017-18 | 32 અલગ અલગ ગામોમાં | 842 |
| 2018-19 (Feb. સુધીમાં) | 9 અલગ અલગ ગામોમાં | 196 |




દાંતની આધુનિક એસી બસ



ડૉ. દિનેશભાઈ દાંતની સારવાર કરી રહ્યા છે.




ઊંડાણનું ખાટાઆંબા ગામમાં દર્દીઓ સારવાર માટે આવ્યા છે.



રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટની ઓફિસ પર દાંતના કેમ્પનો દિવસ